**રેગ્યુલર દિવાની દરખાસ્ત નં.૪૮/૨૦૧૮**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

સદર કામે આજ રોજ આંક–૨૯થી અરજદાર તરફે રજુ થયેલ પુરશીશમાં જાહેર કર્યા મુજબ આ કામમાં સામાવાળા તરફથી નામદાર જીલ્લા અદાલતમાં રે.દિ.અપીલ નં.૨૨/૨૦૨૨ થી દાખલ કરતા તેમાં નામદાર જીલ્લા અદાલત દ્વારા હાલની દરખાસ્ત સ્ટે કરેલી હોય તેથી જો સરકાર દ્વારા કરેલી અપીલ રદ્દ થયેથી નવેસરથી દરખાસ્ત દાખલ કરવાનો હક્ક કાયમ રાખી નામદાર જીલ્લા અદાલતમાં હાલમાં અપીલ પેન્ડીંગ હોવાના કારણસર હાલની દરખાસ્ત તેઓ વીથડ્રો કરી રહેલ હોવાનું જણાવે છે. હાલની દરખાસ્ત સબંધે રે.દી.મુ.નં.૧૩૫/૨૦૧૨ ના કામે થયેલ હુકમનામા વિરૂદ્ધ નામદાર જીલ્લા અદાલત પોરબંદર સમક્ષ પેન્ડીંગ રે.દી.અપીલ નં.૨૨/૨૦૨૨ ના કામે તા.૦૩/૦૨/૨૦૨૩ ના રોજ આંક.૦૪ લગત કરવામાં આવેલ હુકમ વંચાણે લેતાં રે.દી.મુ.નં.૧૩૫/૨૦૧૨ ના કામે કરવામાં આવેલ હુકમ તથા હુકમનામાનું એક્ઝીક્યુશન સદરહુ અપીલનો આખરી નિકાલ થતાં સુધી સ્ટે કરવામાં આવેલ હોવાનું જણાય છે. જે હુકમ વંચાણે લેતાં હાલની દરખાસ્ત અરજીની કાર્યવાહી સ્ટે કરવાનો હુકમ કરવામાં આવેલ નથી પરંતુ રે.દી.મુ.નં. ૧૩૫/૨૦૧૨ ના કામે થયેલ હુકમ તથા હુકનામાનું એક્ઝીક્યુશન સ્ટે કરવામાં આવેલ હોવાની હકીકતને ધ્યાને લેતાં તથા આજરોજ રજુ થયેલ આંક.૨૯ ની વીથડ્રો પુરશીશ ધ્યાને લેતાં રે.દી.મુ.નં.૨૨/૨૦૨૨ ના કામે હુકમ થતાં દરખાસ્ત અરજી રજુ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો ત્યાર બાદની નિયત સમય મર્યાદામાં દરખાસ્ત અરજી દાખલ કરી શકે તેમ હોવાની હકીકતને ધ્યાને લેતાં હાલની રેગ્યુલર દિવાની દરખાસ્ત નં.૪૮/૨૦૧૮ વીથડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૮ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૮/૦૪/૨૦૨૬**
**સ્થળ : પોરબંદર.**

**કુનાલ રાજેશભાઈ રાઠોડ**
**એડીશ્નલ સિનીયર સિવિલ જજ**
**પોરબંદર.**
**(કોડ નં.જી.જે.૦૧૧૨૯)**